**GJRJ140006652023**

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૨૪/૦૩/૨૦૨૩ | | |
| દાખલ તારીખ | :: | ૨૪/૦૩/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | :: | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | <u>૦૩</u> | <u>૦૩</u> | <u>૦૧</u> |

सत्यमेव जयते

==================================================

**જસદણનાં મહેરબાન એડિશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ**
**(શ્રી કે.એન.દવે) સાહેબની અદાલતમાં,**
**મું: જસદણ સમક્ષ.**

==================================================

**ક્રિમીનલ કેસ નંબર :–૫૮૫/૨૦૨૩**
**આંક:–૨૩**

**ફરિયાદી – શ્રી સ ર કા ર**

**વિરુધ્ધ**

**આરોપીઓ – (૧) અનીલભાઈ કનુભાઈ રાજપરા.**
રહે. : મદાવા,
તા.જસદણ, જી.રાજકોટ.

==================================================

**ફરીયાદ પક્ષે વિદવાન એ.પી.પી.શ્રીમતી કે.એમ.ચૌધરી.**
**આરોપીઓ તરફે વિદવાન વકીલશ્રી વી.વી.હતવાણી**

==================================================

**ગુન્હો :– ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪ તથા**
**જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો...**

==================================================

## –:: **ચુકાદો** ::–

(૧) આ કામના આરોપીઓ સામે ગુનો ઈ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુના અંગેનો આરોપ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના ફરીયાદી આરોપી અનીલ કનુભાઈ રાજપરાની કાકાની દીકરી બહેન મીતલની સાથે પ્રેમ સંબંધ હોય અને તેને આજથી આશરે બે માસ પહેલા ચોટીલા મુકામે લઈ જતા મીતલના સગા જોઈ જતા આ બાબતે મનદુખ ચાલતુ હોય જેનો ખાર રાખી આરોપીએ ફરીને બેફામ ગાળો બોલી ઢીકાપાટુનો માર મારી કુહાડીનો એક ઘા કરીને પેટની જમણી બાજુ મારી કુટ ઈજા પહોંચાડી મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ રાજકોટના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી તમો આરોપીએ આ અદાલતની હકુમતમાં ઈન્ડીયન પીનલ કોડ કલમ–૩૨૩,૩૨૪, ૫૦૪ તથા જી.પી. એકટ ની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે.

(૩) ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપીઓ સામે આંક ૧વાળુ ચાર્જશિટ રજુ કરેલ. ત્યારબાદ આ કામના આરોપીઓ કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વીના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક– ૦૫થી પ્લી રેકર્ડ કરવામાં આવેલી તેમજ આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે અને આરોપી વિરૂધ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) આરોપીઓ વિરુધ્ધનું તહોમત સાબિત કરવા માટે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

**મૌખિક પુરાવોઃ–**

| ક્રમ નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી કમલેશભાઈ જેન્તીભાઈ જતાપરાની જુબાની. | **૧૧** |
| ૨ | પંચ સાહેદ રાણાભાઈ પ્રાગજીભાઈ વાળાની જુબાની. | **૦૮** |
| ૩ | પંચ સાહેદ સુરેશભાઈ લીંબાભાઈ જતાપરાની જુબાની. | **૧૦** |
| ૪ | પંચ સાહેદ ગીરીશભાઈ શિવકુભાઈ ખાચર ની જુબાની. | **૧૯** |
| ૫ | પંચસાહેદ જયેશભાઈ વલકુભાઈ ખાચરની જુબાની. | **–** |
| ૬ | સાહેદ નં.–૧ નિરાંતબેન જેન્તીભાઈ જતાપરાની જુબાની. | **૧૩** |
| ૭ | સાહેદ નં.–૨ મનસુખાઈ અમરશીભાઈ જતાપરાની જુબાની. | **૧૪** |
| ૮ | સાહેદ નં.–૩ ભાનુબેન જેન્તીભાઈ જતાપરાની જુબાની. | **૧૫** |
| ૯ | સાહેદ નં.–૪ ડો. યોગેશકુમાર લવજીભાઈ બારૈયાની જુબાની. | **૧૬** |
| ૧૦ | ત.ક.અ.શ્રી મદનસિંહ જેઠુસિંહ ચૌહાણ ની જુબાની. | **૨૦** |

**<u>દસ્તાવેજી પુરાવોઃ</u>–**

| ક્રમ નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૨ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૦૯ |
| ૩ | મેડીકલ સર્ટીફીકેટ | ૧૭ |
| ૪ | અટક તથા મુદ્દામાલ કબ્જે પંચનામું | ૨૦ |
| ૫ | જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબનું જાહેરનામું | ૨૨ |
| ૬ | ત.ક.અમલદારશ્રીનો ડેપ્યુટ હુકમ | ૨૧ |
| ૭ | ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયેનો હુકમ | ૨૨ |

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે વિદવાન એ.પી.પી.શ્રી દવારા ફરીયાદપક્ષનો પુરાવો બંધ થયાનું મૌખીક રીતે જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ સદર કામે ક્રિ. પ્રો.કો. કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો ન હોય વિશેષ નિવેદન લીધેલ નથી. ત્યારબાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) આ કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

## :– મુદ્દાઓ –:

:૧: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૦૭/૧૧/૨૦૨૨ના રોજ આ કામના ફરીયાદી કમલેશ જેન્તીભાઈ જતાપરાને મોટરસાઈકલ પર વાડીએ જતા રસ્તામાં રોકી મીતલની પાછળ કેમ પડ્યો છે? કહી બેફામ ગાળો આપી ઉશ્કેરાઈ જઈ ઢીકાપાટુનો માર મારી પેટના ભાગે લાકડાના

હાથાવાળી કુહાડીનો ઘા મારી લોહીલુહાણ કરી ઈજાગ્રસ્ત કરેલ અને મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ રાજકોટના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી તમો આરોપીએ આ અદાલતની હકુમતમાં ઈન્ડીયન પીનલ કોડ કલમ–૩૨૩,૩૨૪ તથા જી.પી. એકટ ની કલમ–૧૩૫ મુજબનાં શિક્ષા પાત્ર ગુન્હાઓ કરેલ છે ?

:૨: શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓનાં ન્યાયીક નિર્ણયનાં કારણો નીચે મુજબ છે.

:૧: **નકારમાં,**

:૨: આખરી હુકમ મુજબ.

## –:: નિર્ણય માટેના કારણો ::–

**મુદા નંબર–૧, ૨ :–**

(૮) સદર કામે ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, આ કામના ફરીયાદી આરોપી અનીલ કનુભાઈ રાજપરાની કાકાની દીકરી બહેન મીતલની સાથે પ્રેમ સંબંધ હોય અને તેને આજથી આશરે બે માસ પહેલા ચોટીલા મુકામે લઈ જતા મીતલના સગા જોઈ જતા આ બાબતે મનદુખ ચાલતુ હોય જેનો ખાર રાખી આરોપીએ ફરીયાદીને બેફામ ગાળો બોલી ઢીકાપાટુનો માર મારી કુહાડીનો એક ઘા કરીને પેટની જમણી બાજુ મારી કુટ ઈજા પહોંચાડી મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ રાજકોટના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી તમો આરોપીએ આ અદાલતની હકુમતમાં ઈન્ડીયન પીનલ કોડ કલમ–૩૨૩,૩૨૪, ૫૦૪ તથા જી.પી. એકટ ની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે.

(૯) ફરીયાદપક્ષ તરફે સાહેદ કમલેશભાઈ જેન્તીભાઈ જતાપરાને આંક– ૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમની જુબાની દરમિયાન આંક–૧૨ થી ફરીયાદ રજુ થયેલ છે. મજકુર સાહેદે જણાવેલ છે કે, "બનાવ તારીખ–૦૭/૧૧/૨૦૨૨ના રોજ બનેલો હતો. બનાવના દિવસે હું મારૂ મોટરસાયકલ લઈને ગામમાં જતો હતો ત્યારે સવારના દશેક વાગ્યાના અરસામાં અનિલભાઈ ઉભા હતા અને તેઓએ મને કુહાડાનો ઘા કરેલ જેથી હું મારી વાડીએ જતો રહેલ અને ત્યાં એમબ્યુલન્સને ફોન કરી જસદણ હોસ્પીટલમાં સારવાર માટે ગયેલ. ત્યાં પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પીટલમાં સારવાર માટે રીફર કરેલ. હાલનો બનાવ મિતલના લીધેલ બનેલ હતો. તારીખ–૦૯/૦૯/૨૦૨૨ ના રોજ હું તથા મિતલ ચોટીલા દર્શન કરવા માટે ગયેલ હતા ત્યારે મિતલના કાકા,મામા તથા કૌટુબીક ભાઈઓ જોઈ જતા ત્યાં ઝઘડો થયેલ અને મારામારી થયેલ હતી. આ સિવાય બીજું કંઈ બનેલ નહી. હાલની બનાવની ફરીયાદ અમોએ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. જે પુરાવામાં રજુ **દા.આંક ૧૨** આપવામાં આવે છે. મને મુદામાલ કુહાડી બતાવવામાં આવે તો હું ઓળખી શકું નહી. આરોપીને ઓળખું છું જે આજરોજ નામદાર અદાલતમાં હાજર છે."

આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં મજકુર સાહેદ જણાવે છે કે, આરોપી મારા ગામના હોય તેમને બનાવ પહેલા ઓળખું છું. બનાવની ફરીયાદ નવ તારીખે આપેલી. એ વાત ખરી છે કે ફરીયાદ બે દિવસ મોડી કરવાનું કારણ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે વાડીએથી કયુ મોટરસાયકલ લઈને જતા હતા તેવું ફરીયાદમાં જણાવેલ નથી. મિતલબેન પ્રવિણભાઈ રાજપરાને ઓળખું છું. એ વાત ખરી છે કે તેમની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોય તેની મને જાણ હતી. તેની ઉંમર ૧૮

વર્ષથી ઓછી હોય તેમ છતા તેને ચોટીલા મુકામે ફરવા લઈ ગયેલા. સાહેદ જણાવે છે કે ચોટીલા દર્શન કરવા માટે ગયેલા. એ વાત ખરી છે કે તારીખ−૦૯/૦૯/૨૦૨૨ ના રોજ થયેલ મારામારીની હકિકત ફરીયાદમાં જણાવેલ નથી. બનાવની ફરીયાદ હોસ્પીટલમાં આપેલી. એ વાત ખરી છે કે મારી સામે પોકસોની ફરીયાદ નોંધાયેલ. **એ વાત ખરી છે કે હાલના બનાવની ફરીયાદ મે વાંચેલી નહી. એ વાત ખરી છે કે બનાવની ફરીયાદ મે વાંચેલ ન હોય જેથી ફરીયાદમાં શું લખેલ હોય તેની મને માહીતી નથી.** એ વાત ખરી છે કે પ્રવિણભાઈએ મારી સામે પોકસોની ફરીયાદ દાખલ કરેલ જેથી મે હાલની ફરીયાદ કરેલ. **એ વાત ખરી છે કે બનાવ અંગેની હિસ્ટ્રી મે ડોકટરને લખાવેલ નથી.**

(૧૦) ત્યારબાદ આ કામે આંક− ૦૮ થી સાહેદ રાણાભાઈ પ્રાગજીભાઈનાઓને સોગંદ પર તપાસેલ છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને રેકર્ડ પર ફરી ગયેલા જાહેર કરાયેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ કોઈ મહત્વની હકીકત જણાવતા નથી.

(૧૧) ત્યારબાદ આ કામે આંક− ૧૦ થી સાહેદ સુરેશભાઈ લીંબાભાઈ જતાપરાનાઓને સોગંદ પર તપાસેલ છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને રેકર્ડ પર ફરી ગયેલા જાહેર કરાયેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ કોઈ મહત્વની હકીકત જણાવતા નથી.

(૧૨) ત્યારબાદ આ કામે આંક− ૧૯ થી પંચસાહેદ ગીરીશભાઈ શિવકુભાઈ ખાચરનાઓને સોગંદ પર તપાસેલ છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને રેકર્ડ પર

ફરી ગયેલા જાહેર કરાયેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ કોઈ મહત્વની હકીકત જણાવતા નથી.

(૧૩) ત્યારબાદ આ કામે આંક–૧૩થી સાહેદ નિરાંતબેન જેન્તીભાઈ જતાપરાનાઓને સોગંદ પર તપાસેલ છે. તેઓ જુબાની દરમિયાન જણાવે છે કે, "બનાવ તારીખ–૦૭/૧૧/૨૦૨૨ ના રોજ બનેલો હતો. બનાવના દિવસે હું અને મારા મમ્મી વાડીએ હતા. બનાવમાં મારા ભાઈ ગામમાં ગયેલ હતો ત્યાં મારા ભાઈને અનિલભાઈએ કુહાડો મારેલ હોય અને મારા ભાઈ મોટરસાયકલ લઈને વાડીએ આવેલ ત્યારબાદ તેમને રાજકોટ સરકારી હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ અને ત્યાં ફરીયાદ આપેલ હતી. હાલનું બનાવનું કારણ છોકરી બાબતનું હતું. આરોપીને જોયેથી ઓળખું છું જે આજરોજ નામદાર અદાલતમાં હાજર છે. હાલના બનાવ બનવાનું કારણ મને ખબર નથી. પોલીસે મારી પુછપરછ કરેલ."

આ સાહેદ તેમની કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, "આરોપી મારા ગામના હોય તેમને બનાવ પહેલા ઓળખું છું. એ વાત ખરી છે કે મે બનાવ નજરે જોયેલ નથી જેથી મને બનાવ અંગેની કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે પોલીસે ફકત મારૂ સરનામું પુછેલ બીજી કોઈ વિગત મે લખાવેલ નથી કે જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી મારા ભાઈ થતા તેની ખોટી ફરીયાદને સમર્થન કરવા ખોટી જુબાની આપું છું."

(૧૪) ત્યારબાદ આ કામે આંક–૧૪થી સાહેદ મનસુખભાઈ અમરશીભાઈ જતાપરાનાઓને સોગંદ પર તપાસેલ છે. તેઓ જુબાની દરમિયાન જણાવે છે કે, "બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલો હતો. બનાવના દિવસે હું મારા ઘરે હતો. બનાવની જાણ મને બીજા દિવસે ખબર પડેલી. બનાવની જાણ કમલેશભાઈના પપ્પા જેન્તીભાઈ મારા

ઘરે આવેલ અને તેઓએ મને જણાવેલ કે કમલેશભાઈને ઉલ્ટી થાય છે અને બ્લડ આવે છે તેવું જણાવેલ. ત્યારબાદ હું તથા જેન્તીભાઈ એમ કમલેશને લઈને રાજકોટ સરકારી હોસ્પીટલમાં લઈ ગયેલ અને ઈમરજન્સીમાં દાખલ કરેલ. પોલીસે મારી પુછપરછ કરેલ. આરોપીને ઓળખું છું જે આજરોજ નામદાર અદાલતમાં હાજર છે. હાલના બનાવ બનવાનું કારણ મને ખબર નથી."

આ સાહેદ તેમની કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, "આરોપી મારા ગામના હોય તેમને બનાવ પહેલા ઓળખું છું. એ વાત ખરી છે કે મે બનાવ નજરે જોયેલ નથી જેથી મને બનાવ અંગેની કોઈ જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે પોલીસે ફકત મારૂ સરનામું પુછેલ બીજી કોઈ વિગત મે લખાવેલ નથી કે જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી અમારા કૌટુબીક ભાઈ થતા તેના ખોટી ફરીયાદને સમર્થન કરવા ખોટી જુબાની આપું છું."

(૧૫) ત્યારબાદ આ કામે આંક-૧૫થી સાહેદ ભાનુબેન જેન્તીભાઈ જતાપરાનાઓને સોગંદ પર તપાસેલ છે. તેઓ જુબાની દરમિયાન જણાવે છે કે, "બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલા બનેલો હતો. બનાવના દિવસે હું તથા મારી દિકરી એમ બન્ને અમારી વાડીએ હાજર હતા. બનાવમાં મારા દિકરા કમલેશભાઈને અનિલભાઈએ કુહાડા વડે પેટના ભાગે મારેલ હતું જેથી મારા દિકરાને પ્રથમ જસદણ સરકારી હોસ્પીટલમાં લઈ ગયેલા ત્યાં પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ.હાલના બનાવ બનવાનું કારણ દિકરી બાબતની હતી.પોલીસે મારી પુછપરછ કરેલ.આરોપીને જોયેથી ઓળખું છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે."

આ સાહેદ તેમની કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, ”એ વાત ખરી છે કે આરોપી મારા ગામના હોય તેમને બનાવ પહેલા ઓળખું છું અને તેમના નામ સરનામાની ખબર છે . એ વાત ખરી છે કે મે બનાવ નજરે જોયેલ નથી જેથી મને બનાવ અંગેની કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે પોલીસે ફકત મારૂ સરનામું પુછેલ બીજી કોઈ વિગત મે લખાવેલ નથી કે જણાવેલ નથી. એ વાત ખરી છે કે હું અભણ છું મને લખતા વાંચતા આવડતું નથી.

(૧૬) ત્યારબાદ આ કામે આંક– ૧૬ થી સાહેદ ડો. યોગેશકુમાર લવજીભાઈ બારૈયાનાઓને સોગંદ પર તપાસેલ છે. તેઓ જુબાની દરમિયાન જણાવે છે કે, "હું તારીખ–૦૮/૧૧/૨૦૨૨ ના રોજ પીડીયુ હોસ્પીટલ રાજકોટ સર્જીકલ વોર્ડ નં.૨ માં હું જનરલ સર્જન તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે ઈમરજન્સી વોર્ડમાંથી ડો.કૃપાલીબેન કોટડીયા તરફથી કમલેશભાઈ જેન્તીભાઈ જતાપરા,ઉ.વ.૧૬, સર્જીકલ ઓપીનયન માટે રીફર કરાયેલ. દર્દીને હિસ્ટ્રી પુછતા તેઓએ જણાવેલ કે, કુહાડી વડે છાતીના ભાગે તારીખ–૦૭/૧૧/૨૦૨૨ ના રોજ સાડા અગીયાર વાગ્યે બડવા ગામે બનાવ બનેલ. ત્યાંથી દર્દીને જસદણ લઈ ગયેલા ત્યાંથી સીવીલ હોસ્પીટલ રાજકોટ રીફર કરેલા. દર્દી મારી પાસે આવેલ ત્યારે ભાનમાં હતા. દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ હતી. (૧) અંદાજે 7 x 0.5 સે.મી. છાતીના જમણા ભાગે અને પેટના ભાગે ઉંઝરડો હતો તેમજ પેટના ભાગે તપાસ કરતા દર્દીને દર્દ હતું. ત્યારબાદ દર્દીનો સોનોગ્રાફી કરાવતા લીવરની અંદર યકૃતમાં 32x 28 મીલીમીટર લોહી જામી ગયેલ તેમજ જમણી કિડનીમાં 30 x 28 મીલીમીટર લોહી જામી ગયેલી તેમજ પેટમાં આંતરડાની આજુબાજુમાં થોડું લોહી જામી ગયેલી. ત્યારબાદ તેઓનો પેટના ભાગનો સીટીસ્કેન કરાવતા જમણી કિડનીમાં 48 x 29 મીલીમીટર

લોહીનો ગઠો જામી ગયેલ. કિડનીની આજુબાજુમાં લોહી જમા થયેલ. જમણી કિડનીની લોહીની નળીમાં લોહી ગંઠાય ગયેલ. ત્યારબાદ લીવરમાં 50 x 32 મીલીમીટર લોહીનો ગઠો લીવરના જમણા ભાગમાં જમા થયેલ અને પેટમાં મધ્યમ લોહી જમા થયેલ. આવી ઈજા કુહાડી વડે પાછળના ભાગની મારેલ હોય તેવા પ્રકારની હતી. આવી ઈજા ગંભીર પ્રકારની હતી. મારા અભિપ્રાય મુજબ કોઈ કોમ્પીલકેન ન થાય તો ત્રણ મહીનાની અંદર સાજી થઈ શકે. ત્યારબાદ મે દર્દીને સારવાર આપેલી જે સારવાર સર્ટીફીકેટ આપેલ જે સર્ટીફીકેટ હું આજરોજ રજુ કરૂ છું તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. જે પુરાવામાં રજુ **દા.આંક ૧૭ અને ૧૮**આપવામાં આવે છે."

આ સાહેદ તેમની કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, "એ વાત ખરી છે કે દર્દી મારી પાસે આવ્યા ત્યારે ભાનમાં હતા. એ વાત ખરી છે કે ઈજા પામનારે બડવા ગામે બનાવ બનેલ હોવાનું જણાવેલ. એ વાત ખરી છે કે કયા આરોપીએ ઈજા કરેલ તે હિસ્ટ્રીમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે આપેલ ઈજા પામનારના મેડીકલ સર્ટીમાં કુહાડીથી માર્યા અંગેનું હિસ્ટ્રીમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે દર્દીને ઈજા કેટલી જુની હતી તે મેડીકલ સર્ટીમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત મોટરસાયકલ લઈને જતા હોય તો પડી જાય તો અને કોઈ વસ્તુ સાથે અથડાય તો આવી ઈજા થાય. એ વાત ખરી છે કે મે આપેલ સર્ટીમાં દર્દીને કુહાડીથી મારેલ હોય તેવું જણાવેલ નથી. એ વાત ખરી નથી કે મે દર્દીને કોઈ સારવાર આપેલ ન હોય તેમ છતા ખોટું સર્ટીફીકેટ આપેલ છે."

(૧૭) ત્યારબાદ આ કામે આંક– ૨૦ થી ત.ક.અ.શ્ર ી મદનસિંહ જેઠુસિંહ ચૌહાણનાઓને સોગંદ પર તપાસેલ છે. તેઓ જુબાની દરમિયાન જણાવે છે કે, "તારીખ–૦૯/૧૧/૨૦૨૨ ના રોજ હું ભાડલા પોલીસ સ્ટેશનમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે મારી ફરજ પર

હાજર હતો ત્યારે ગુ.ર.નં. ૦૨૨૮/૨૦૨૨, આઈ.પી.સી.કલમ-૩૨૪,૩૨૩,૫૦૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ આ કામના ફરીયાદી આરોપી અનિલભાઈ કનુભાઈની કાકાની દિકરી મિતલ સાથે સંબંધ હોય અને તેને આજથી આશરે બે માસ પહેલા ચોટીલા મુકામે લઈ જતા મિતલના સગા જોઈ જતા આ બાબતનું મનદુઃખ રાખી ખાર રાખી આરોપીએ બેફામ ગાળો બોલી ઢીકાપાટુનો માર મારી કુહાડીનો એક ઘા ફરીયાદીના પેટના જમણી બાજુ એક ઘા મારી ઈજા પહોચાડી મહે.જીલ્લા મેજી.સાહેબના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ભાડલા પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરેલ.

ત્યારબાદ આગળની તપાસ પી.એસ.ઓ.દ્રારા અમોને ડેપ્યુટ કરતા અમોએ તપાસ સંભાળી લીધેલ. તપાસનો ડેપ્યુટ હુકમ હું આજરોજ રજુ કરૂ છું. જે પુરાવામાં રજુ **દા.આંક ૨૧** આપવામાં આવે છે. ત્યારબાદ પંચો રૂબરૂ સ્થાનિક જગ્યાનું પંચનામું કરી પંચોના લખાવ્યા મુજબ વિગતવારનું પંચનામું લખી લઈ અને તેઓની તથા મારી સહી કરેલી જે સહીઓ હું ઓળખી બતાવું છું જે પંચનામું આંક-૯ થી રજુ છે. ત્યારબાદ પંચો રૂબરૂ અટક પંચનામું કરી પંચોના લખાવ્યા મુજબ વિગતવારનું પંચનામું લખી લઈ અને તેઓની તથા મારી સહી કરેલી જે સહીઓ હું ઓળખી બતાવું છું જે પંચનામું આંક-... થી રજુ છે. ત્યારબાદ તપાસના કામે ઈજા પામનારનું સારવાર સર્ટી મેળવી ચાર્જશીટ સાથે રજુ. ત્યારબાદ જીલ્લા મેજી.સાહેબના જાહેરનામાની નકલ રજુ કરૂ છું જે પુરાવામાં રજુ **દા.આંક ૨૨** આપવામાં આવે છે. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોધેલા. આમ આરોપીઓ સામે પુરતો પુરાવો હોય જેથી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીઓને કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકું."

આ સાહેદ તેમની કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, "એ વાત ખરી છે કે કહેવાતો બનાવ

તારીખ–૦૭/૧૧/૨૦૨૨ ના રોજ બનેલો હતો.એ વાત ખરી છે કે બનાવની ફરીયાદ તારીખ–૦૯/૧૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવી હતી. એ વાત ખરી છે કે બનાવવાળી ફરીયાદમાં તેનું કયું મોટરસાયકલ લઈને જતા હતા તેના નંબર ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદી મોટરસાયકલ ધરાવે છે તે બાબતનો પુરાવો ચાર્જશીટ સાથે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં સ્પષ્ટ ગાળો લખાવેલી નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ જસદણની સરધારા હોસ્પીટલમાં સારવાર મેળવેલ હોય તેનું સર્ટીફીકેટ મેળવેલ નથી કે તપાસના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે આ કામના ફરીયાદીને આરોપીના કાકાની દિકરી સાથે પ્રેમસંબંધ હતો અને બન્ને ચોટીલા મુકામે ફરવા ગયેલા. એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી સાથે ભાડલા પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૩૦૦૫૨૨૦૨૨૭/૨૦૨૨થી પોકસો તથા આઈ. પી. સી. ૩૬૩, ૩૬૬ અને ૩૭૬ મુજબની ફરીયાદ નોંધાવેલ. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાનું પંચનામું મે કરેલું. એ વાત ખરી છે કે મુકેશભાઈ પોપટભાઈ જતાપરાને મે સાહેદ તરીકે બતાવેલ નથી કે તેનું કોઈ નિવેદન મે લીધેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર રોડ છે જયા ઘણા વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે મે જે પંચનામું કરેલું તે પંચનામામાં જણાવેલ છે કે બનાવને અનુરૂપ કોઈ ચીજવસ્તુ મળેલ નહી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની બાજુમાં પાનની દુકાન છે. મે પાનની દુકાનવાળું કોઈ નિવેદન નોંધેલ નથી. એ વાત ખરી છે કે મે આ કામે નજરે જોનાર સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે આ કામે રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટમાં કોઈ જગ્યાએ હિસ્ટ્રી આપી આરોપીનું નામ જણાવેલ હોય તેવું બનવા પામેલ નથી. એ વાત ખરી છે કે મે આ કામે આરોપીના કપડા કબ્જે કરેલા નથી. એ વાત ખરી છે કે કબ્જે કરવામાં આવેલ

મુદામાલ પૃથ્થકરણ કરવા માટે એફ.એસ.એલ.માં મોકલેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ પ્રથમ હોસ્પીટલમાં સારવાર લીધેલ ત્યા તપાસ કરેલ નથી કે સારવાર સર્ટીફીકેટ મેળવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે મે ફરીયાદીના પિતાનું નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે હાલના કહેવાતા બનાવ પહેલા બનાવ બનેલ હોય તેવી કોઈ ફરીયાદના આધાર પુરાવા મેળવેલ નથી. એ વાત ખરી છે કે મે ફરીયાદીને ફરીયાદ વાંચી સંભળાવેલ. એ વાત ખરી છે કે બનાવ સમયે જાહેરનામું અમલમાં હોય તેવું પંચનામું તપાસના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મે ડોકટરશ્રી સારવાર સર્ટીફીકેટ મેળવેલ તેમાં ફરીયાદીએ બડવા ગામે બનાવ બનેલાનું જણાવેલ. એ વાત ખરી છે કે મેડીકલ સર્ટીફીકેટમાં મદાવા ગામે બનાવ બનેલ હોય તેવું જણાવેલ નથી. એ વાત ખરી છે કે તમામ સાહેદોના નિવેદનો એક જ તારીખ નોંધવામાં આવેલ છે. એ વાત ખરી છે કે કોઈ વસ્તુનો ઘા કરવો અથવા મારવું આ બન્ને વસ્તુ અલગ અલગ છે. એ વાત ખરી છે કે આ કામના ફરીયાદીએ વડીલોની હાજરીમાં અને વડીલોની સલાહ લઈને ફરીયાદ કરેલી. "

(૧૮) હાલના કામે આંક-૧૧ થી ફરીયાદી કમલેશભાઈ જેન્તીભાઈ જતાપરાને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકારેલ છે કે**, એ વાત ખરી છે કે હાલના બનાવની ફરીયાદ મે વાંચેલી નહી. એ વાત ખરી છે કે બનાવની ફરીયાદ મે વાંચેલ ન હોય જેથી ફરીયાદમાં શું લખેલ હોય તેની મને માહીતી નથી.એ વાત ખરી છે કે બનાવ અંગેની હિસ્ટ્રી મે ડોકટરને લખાવેલ નથી.** આમ, સદરહુ હકીકતો ફરીયાદી પોતે સ્વીકારતા હોય આ ામના ફરીયાદી દવારા ફરીયાદ આપવામાં આવેલ છે કેમ તે માની શકાય નહી વધુમાં જયારે ફરીયાદમાં શું લખેલ છે તેની માહીતી ધરાવતા ન હોય આ

કામે ફરીયાદીએ ફરીયાદ આપેલ છે કેમ તે બાબતે શંકા ઉભી થાય છે અને આરોપી દવારા ફરીયાદી સામે પોકસો એકટના ગુના મુજબની ફરીયાદ નોંધાવેલ હોય ફરીયાદી અને આરોપી વચ્ચે વચમનસ્ય હોવાનું જણાય છે તેમજ આ કામે તપાસવામાં આવેલા સાહેદો પણ ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી. વધુમાં ફરીયાદપક્ષે આ કામે આંક– ૧૨ થી ફરીયાદ, આંક– ૦૯ થી બનાવવાળી જગ્યાનું પંચનામું, રજુ છે. પરંતુ સરદહુ દસ્તાવેજી પુરાવાઓને મૌખિક જુબાનીથી સમર્થન મળતું ન હોય સદરહુ દસ્તાવેજો પુરવાર થતા ન હોય સદરહુ દસ્તાવેજો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થતા નથી. ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવાઓમાં એકસુત્રતા જણાતી નથી અને એકબીજાના વિરોધાભાષો ઉભા કરે છે. તેવા સંજોગોમાં આરોપીઓએ ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી ઈ.પી.કોડની કલમ–૩૨૩, તથા ૩૨૪ તથા ગાળો આપી ઈ.પી.કો.કલમ–૫૦૪ મુજબનો ગુનો કરેલો હોય તેવા મુદ્દા નંબર–૧ ના આવશ્યક તત્વો શંકાથી પર રહી પુરવાર થતા નથી.

(૧૯) વધુમાં આ કામે ઈ.પી.કો. કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) મુજબનો ગુનો બન્યા અંગેની કાયદાકીય પરીસ્થીતીની ચર્ચા કરીયે તો આ કામે આરોપીઓએ ઈ.પી.કો. કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) હેઠળનો ગુન્હો કરેલ છે કે કેમ? તે સંબંધે રેકર્ડ પરના પુરાવાઓ જોવામાં આવે તો, ફરીયાદીની જુબાની જોતાં, તેઓએ પોતાની જુબાનીમાં એવી કોઈ હકીકત જણાવતા નથી કે જેથી આરોપીઓને ઈ.પી.કો. કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવી શકાય. પ્રોસીકયુશન ધ્વારા તપાસવામાં આવેલ તમામ

ફરીયાદીની જુબાની જોતાં તે હકીકત આરોપીઓને તકસીરવાન ઠરાવવા રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં ના. ગુજ.વડી અદાલતે ''પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત'' જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭ ના ચૂકાદામાં એમ ઠરાવેલ છે કે,

> "In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence. And in order to convict an accused under Section-506(2) of Indian Penal Code, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened."

આમ, નામદાર ગુજરાત વડી અદાલતે સ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ પ્રોસીકયુશન આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ. પી. કોડ કલમ-૫૦૪ તથા ૫૦૬(૨) હેઠળ આરોપીઓને તકસીરવાન ઠરાવવા માટે જરૂરી જુબાની રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં આ કામે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો કે જે વિક્રમ જોહર વિ. સ્ટેટ ઓફ ઉ.પ્ર., A.I.R. 2019 SC 2109 માં પ્રસિધ્ધ થયેલ છે તે ચુકાદાનાં પેરા-૨૨ અને ૨૩ માં ઈ.પી.કો.કલમ-૫૦૪ તથા ૫૦૬(૨) નો ગુનો બનવા અંગેનાં સંજોગો દર્શાવેલ છે જે નીચે મુજબ છે.

22. Section 504 of I.P.C. came up for consideration before this Court in Fiona Shrikhande Vs.State of Maharashtra & Another, (2013) 14 SCC 44. In the said case, this Court had occasion to examine ingredients of Section 504, which need to be present before proceeding to try a case. The Court held that in the said case, the order issuing process was challenged by filing a criminal revision. This Court held that at the complaint stage, the Magistrate is merely concerned with the allegations made out in the complaint and has only to prima facie satisfy whether there are sufficient grounds to proceed against the accused. In paragraph No.11, following principles have been laid down:-

"11. We are, in this case, concerned only with the question as to whether, on a reading of the complaint, a prima facie case has been made out or not to issue process by the Magistrate. The law as regards issuance of process in criminal cases is well settled. At the complaint stage, the Magistrate is merely concerned with the allegations made out in the complaint and has only to prima facie satisfy whether there are sufficient grounds to proceed against the accused and it is not the province of the Magistrate to enquire into a detailed discussion on the merits or demerits of the case. The scope of enquiry under Section 202 is extremely limited in the sense that the Magistrate, at this stage, is expected to examine prima facie the truth or falsehood of the allegations made in the complaint. The Magistrate is not expected to embark upon a detailed discussion of the merits or demerits of the case, but only consider the inherent probabilities apparent on the statement made in the complaint. In Nagawwa v. Veeranna Shivalingappa Konjalgi, (1976) 3 SCC 736, this Court held that once the Magistrate has exercised his discretion in forming an opinion that there is ground for proceeding, it is not for the Higher Courts to substitute its own discretion for that of the Magistrate. The Magistrate has to decide the question purely from the point of view of the

complaint, without at all adverting to any defence that the accused may have.”

23. In paragraph No.13 of the judgment, this Court has noticed the ingredients of Section 504, which are to the following effect:-

“13. Section 504 IPC comprises of the following ingredients viz. (a) intentional insult, (b) the insult must be such as to give provocation to the person insulted, and (c) the accused must intend or know that such provocation would cause another to break the public peace or to commit any other offence. The intentional insult must be of such a degree that should provoke a person to break the public peace or to commit any other offence. The person who intentionally insults intending or knowing it to be likely that it will give provocation to any other person and such provocation will cause to break the public peace or to commit any other offence, in such a situation, the ingredients of Section 504 are satisfied. One of the essential elements constituting the offence is that there should have been an act or conduct amounting to intentional insult and the mere fact that the accused abused the complainant, as such, is not sufficient by itself to warrant a conviction under Section 504 IPC.”

આમ, ઉપરોકત ચુકાદાઓ તેમજ હાલનાં કેસમાં રજુ પુરાવાઓ જોતાં આ કામનાં આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–૫૦૪ નો પુરાવો રેકર્ડ પર આવવા પામેલ ન હોય આરોપીઓને સદરહું કલમો હેઠળ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૨) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮માં એમ ઠરાવેલ છે કે,

"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''દિગમ્બર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ'' નો ચુકાદો કે જે (૨૦૧૯) (૪) (એસ.સી.સી.– પેજ નં.૫૨૨) માં પ્રસિધ્ધ થયેલ છે જેનાં પેરા–૧૫ તથા ૧૯ માં ઠરાવેલ છે કે....

15. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be

considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.

19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808].

(૨૦) ઉપરોકત તમામ હકીકતે પડેલ પુરાવાને ધ્યાને સદર કામે સાહેદોની જુબાની જોતા આ કામના આરોપીએ ફરીયાદી તથા અન્ય સાહેદને ઈજા કરેલ હોવા બાબતેની હકીકત વાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. ફરિયાદી વિસંગત અને વિરોધાભાસી હકીકત જણાંવતા હોય, ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે રેકર્ડ ઉપર એવી હકીકત આવવા પામેલ નથી કે બનાવ સમયે આરોપીના હાથમાં હથીયાર હતુ જેથી આ કામે આરોપીને જી.પી. એકટની કલમ−૧ ૩૫ મુજબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમાં રેકર્ડ પરનો પુરાવા જોતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવા તારણ ઉપર આ અદાલત આવે છે, જેથી મુદ્દા નં.૧ પરત્વેનો નિર્ણય નકારાત્મકમાં આપવામાં આવે છે અને આ અદાલતે કરેલ ઉપરોકત ચર્ચા અન્વયે આપેલ કારણો અને આવેલ તારણોને આધારે મુદ્દા નં.ર પરત્વેનો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## **-:: આખરી હુકમ ::-**

- આ કામના આરોપીને **ઈ.પી.કો. કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪ તથા જી. પી. એકટની કલમ-૧૩૫** મુજબના ગુનામાંથી પુરાવાના અભાવે છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

- વધુમાં મુદામાલ પાવતીમાં જણાવેલ બિનકિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમયે ઉચ્ચ અદાલતમા હાજર રહેવાની બાંહેધારી પેટેના સધ્ધર જાત જામીન તેમજ મુચરકા આરોપીઓએ રજુ કરવા.

આ હુકમ આજરોજ તારીખ ૨૫-મી, માહે. માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ : ૨૫/૦૩/૨૦૨૬**
**સ્થળ : જસદણ.**

**(કૃષ્ણકાન્ત નરેન્દ્રકુમાર દવે)**
**એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**જસદણ.Judge Code.GJ-01116**

**V. D. THAKER**
**Guj. Steno.**